# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૧૪-A તા.૧૫-૦૨-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય:-** **એસ.બી.એમ.2.0 મુજબ સ્વચ્છ ભારત મિશનના બીજા તબક્કામાં ચાલુ વર્ષ માટે યોજાનાર સ્વચ્છ સર્વેક્ષણ- 2024 અનુસંધાને ન. પ્રા.શિ. સમિતિ,અમદાવાદની તમામ શાળાએ કરવાની થતી કામગીરી બાબત.**

**સંદર્ભ :-** **સેન્ટ્રલ ઓફિસ આદેશ નં 65 તા.05-02-2024**

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સ્વચ્છ ભારત મિશનનો પ્રથમ તબક્કો પૂર્ણ થયેલ હોય આ મિશનની સફળતાને ધ્યાને લઈ માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા02 ઓક્ટોબર, 2021 ના રોજ SBM 2.0 & Amrut 2.0 લોન્ચ કરેલ છે. જે મુજબ સ્વચ્છ ભારત મિશનનો બીજો તબક્કો વર્ષ 2026 સુધી ચાલનાર છે. તે મુજબ ચાલુ વર્ષમાં યોજાનાર સ્વચ્છ સર્વેક્ષણ-2023નાં કુલ ગુણ 7500 થી વધારીને 9500 કરવામાં આવેલ. જેનું 11 મી જાન્યુઆરી, 2024 નાં રોજ રેન્કીગ જાહેર કરવામાં આવેલ હતું. આ રેન્કીગમાં 1 લાખથી વધારે વસ્તીવાળા શહેરોમાં અમદાવાદ શહેર એ 15 મો ક્રમાંક મેળવેલ છે અને વોટર પ્લસ સર્ટીફીકેટ પણ હાંસલ કરેલ છે.

આજ મુજબ SBM 2.0 માં ચાલુ વર્ષે સ્વચ્છ સર્વેક્ષણ -2024 નું ભારતભરનાં શહેરોનું એસેસમેન્ટ કરવામાં આવશે અને તેમાં રેન્કીગ અપાશે. આ વખતના સર્વેક્ષણમાં ઘન / પ્રવાહી કચરાનાં પ્રોસેસીંગ અને કચરાને રીડ્યુસ,રિસાયકલ, રીયુઝ કરવા તેમજ શાળાઓમાં શૌચાલયોની સુવિધા અંગે વધુ ભાર આપવામાં આવેલ છે. આ ઉપરાંત નાગરિકોનાં સીટીઝન એંગેઝમેન્ટને જન આંદોલન તરીકે પ્રાધાન્ય આપવામાં આવેલ છે. આ વખતના સર્વેક્ષણ 2024નાંપણ કુલ ગુણ 9500 કરવામાં આવેલ છે. જેમાં સર્વિસ લેવલ પ્રોગ્રેસના 48% થી વધારીને 60% એટલે કે 5705 માર્કસ, સર્ટીફીકેશનનાં 2500 અને જન આંદોલનના 1295 માર્ક રાખવામાં આવેલ છે.

જેની ભારત સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ માર્ગદર્શિકા મુજબ અમલવારી કરવા નીચે મુજબના પત્રકમાં જણાવેલ સર્વેક્ષણને લગતી શાળા કક્ષાની કામગીરી કરવાની થાય છે જે બાબતનો આ પરિપત્ર જાણમાં લઈ જણાવેલ કામગીરીની અસરકારક અમલીકરણ માટે તમામ શાળાઓને કાર્યવાહી હાથ ધરવા સૂચના આપવામાં આવે છે.

ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા ટુલકીટ મુજબના પત્રક 2માં કુલ 4 ક્ષેત્રમાં 9 માપદંડ મુજબ પ્રત્યેક શાળાને 175 ગુણ મેળવવાના થાય છે. આ તમામ ક્ષેત્રો અને માપદંડ અનુસાર 100% ગુણ મેળવવા માટે નિયમીત રીતે શાળામાં સ્વચ્છતા સમિતિ કાર્યરત કરીને તમામ માપદંડને ચુસ્ત રીતે અનુસરવા માટે જણાવવામાં આવે છે.શાળાના મુખ્ય શિક્ષકે રોજે રોજ ચકાસણી કરી ગુણ મુકી જે-તે ઝોનના મદદનીશ શાસનાધિકારીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

બિડાણ : ગુણપત્રક

તા.૧૫-૦૨-૨૦૨૪

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ

**સ્વચ્છ ભારત મિશન 2.0 અંતર્ગત સ્વચ્છ સર્વેક્ષણ-2024**

ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા ટુલકીટ મુજબ પત્રક 2

ચકાસણીકર્તા અધિકારીશ્રીનું નામ :-___________________ હોદ્દો:-________ તારીખ :- ____________

શાળાનું નામ :-________________________________ ઝોનનું નામ:-____________

| ક્ષેત્ર નંબર | માપદંડ | ગુણ | ચકાસ્યા તારીખ | તમોએ આપેલ ગુણ |
|---|---|---|---|---|
| **1.12** | **શાળાઓમાં સ્વચ્છતા** | | | |
| 1.12.1 | શું શાળાનું પરિસર ગંદકીથી મુક્ત અને દેખીતી રીતે સ્વચ્છ છે? | 50 | | |
| 1.12.2 | શું શાળામાં દરેક વર્ગખંડમાં, રસોડામાં અને શૌચાલયના સ્થળોએ સૂકો કચરો અને ભીનો કચરો અલગ-અલગ એકત્ર કરવા માટે અલગ-અલગ ડબ્બા મૂકવામાં આવેલ છે ? | 25 | | |
| **3.11** | **શાળાઓમાં ભીના અને સૂકા કચરાનો સલામત નિકાલ** | | | |
| 3.11.1 | શું મ્યુનિ.કોર્પોરેશન દ્વારા અંતિમ સંગ્રહ પહેલા શાળા ભીનો કચરો અને સૂકો કચરો અલગ કરે છે? | 10 | | |
| 3.11.2 | શું શાળા તેનો પોતાના ભીના કચરાનું (બાયોડિગ્રેડેબલ કચરો)ખાતર બનાવે છે? | 15 | | |
| **5.3** | **છોકરાઓ અને છોકરીઓ માટે શાળાઓમાં અલગ-અલગ કાર્યરત અને સ્વચ્છ શૌચાલયોની ઉપલબ્ધતા** | | | |
| 5.3.1 | શું શાળામાં છોકરાઓ અને છોકરીઓ માટે ઉપયોગમાં લઈ શકાય તેવી સ્થિતિમાં અલગ-અલગ શૌચાલય છે? | 10 | | |
| 5.3.2 | શૌચાલય સ્વચ્છ અને કાર્યરત છે? | 20 | | |
| 5.3.3 | શું શાળાના તમામ શૌચાલયોમાં કુદરતી પ્રકાશ અને હવા માટે છત અને યોગ્ય વેન્ટિલેશન છે અને સ્ટોપર સાથે સુરક્ષિત દરવાજા છે? | 10 | | |
| 5.3.4 | શું માસિક સ્રાવના કચરાના નિકાલ માટે શાળામાં ઢાંકણ અને ચોક્કસ રંગોવાળી અલગ ડસ્ટબીન છે? | 10 | | |
| **5.6** | **શાળાઓમાં પ્રવાહી કચરાનો સલામત નિકાલ** | | | |
| 5.6.1 | શું શાળા શૌચાલયના કચરા/ મળના કાદવ અને સેનિટરી વેસ્ટના નિકાલ માટે સલામત પદ્ધતિનું પાલન કરે છે? | 25 | | |
| | કુલ ગુણ | 175 | | |